# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-04-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## DPA ક્રાયોજેનિક ટેન્ક્સનો જથ્થો રવાના :

ભારતની ઔદ્યોગિક ક્ષમતા અને ‘મેક ઇન ઇન્ડિયા’ અભિયાનમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. દીનદયાલ પોર્ટ કંડલા ખાતેથી ખાનગી ઔદ્યોગિક એકમ દ્વારા નિર્મિત ભારતની સૌથી મોટી ક્રાયોજેનિક LNG ટેન્ક્સનો જથ્થો બહામાસ ખાતેના મિની LNG ટર્મિનલ પ્રોજેક્ટ માટે સફળતાપૂર્વક રવાના કરવામાં આવ્યો છે.

આ જટિલ અને ઉચ્ચ મૂલ્ય ધરાવતા કાર્ગોના પરિવહન માટે કંડલા પોર્ટે તેની તમામ આધુનિક સુવિધાઓ અને કાર્યક્ષમતા પ્રદર્શિત કરી છે. દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના પ્રોજેક્ટ્સ ભારતને વૈશ્વિક ઊર્જા આંતરમાળખાના કેન્દ્રમાં લાવે છે. જેનાથી કંડલા પોર્ટ ફરી એકવાર ગ્લોબલ લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી આવ્યું છે.

**-------------------------------------------------------------------------------------**

## ચુંટણી તૈયારી :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ જામ્યો છે ત્યારે હવે વહીવટી તંત્ર પણ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે. જેના ભાગરૂપે ખાસ કરીને EVM તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ત્રણ દિવસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન EVM ની અંદર ઉમેદવારોના નામ, ફોટો અને તેમના ચિન્હો સહિતની વિગત લગાવવામાં આવી રહી છે.

જીલ્લાના 1896 મતદાન મથકો માટે આ EVM તૈયાર થઇ રહ્યા છે જેમાં કુલ 4000 થી વધુ EVM ની ફર્સ્ટ લેવલ ચેકિંગ પૂર્ણ થઈ ગયા બાદ તાલુકા મથકોએ મોકલી દેવામાં આવ્યા છે અને હાલમાં રિટર્નિંગ ઓફિસર દ્વારા તેમનું કમિશનિંગ કરવામાં આવી રહ્યું છે.

---

## મતદાતા જાગૃતિ ગીત :

આગામી ૨૬ એપ્રિલે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે કચ્છ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવેલી એક વિશેષ પહેલ અંતર્ગત "૨૬ એપ્રિલે તું વૉટ કર જે" નામનું મતદાતા જાગૃતિ ગીત તૈયાર કરવામાં આવ્યું છે.

ખાસ કરીને યુવા મતદારોને આકર્ષવા માટે નવીન અભિગમ અપનાવીને, આ ગીતના વીડિયો જનરેશનમાં એ.આઈ.નો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે.

સાંભળીએ તેની એક ઝલક...

(AUDIO)

---

## નલીયા – ફુટ પેટ્રોલિંગ :

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પોલીસે ફૂટ પેટ્રોલિંગનું આયોજન કર્યું હતું. ચૂંટણી પૂર્વે શાંતિપૂર્ણ માહોલ જાળવવા અને કાયદો-વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે યોજાયેલી આ પેટ્રોલિંગ નલિયા બજાર ચોક સુધી યોજાઈ હતી.

પેટ્રોલિંગ દરમિયાન, પોલીસ અધિકારીઓએ રોડ પરના લારી-ગલ્લાવાળાને ટ્રાફિકમાં અડચણ ન બને તેની તકેદારી રાખવા સૂચના આપી હતી.

---

## ઉનાળુ પાકોનું વાવેતર :

જિલ્લામાં ચાલુ વર્ષે ઉનાળુ પાકનું વાવેતર નોંધપાત્ર સ્તરે પહોંચ્યું છે. ખેતીવાડી શાખાના તાજેતરના અહેવાલ મુજબ, જિલ્લાના 10 તાલુકાઓમાં કુલ 37,168 હેક્ટર વિસ્તારમાં વિવિધ ઉનાળુ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. તાલુકાવાર જોઈએ તો, સૌથી વધુ વાવેતર ભુજ તાલુકામાં 6,050 હેક્ટરમાં નોંધાયું છે. ત્યારબાદ અબડાસા 4,658 હેક્ટર અને નખત્રાણા 4,203 હેક્ટર સાથે અગ્રેસર રહ્યા છે.

આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કચ્છમાં ઉનાળા દરમિયાન પશુધન માટે ઘાસચારો અને આર્થિક ઉપાર્જન માટે મગફળી તથા બાજરી આ વખતે જીલ્લાના ખેડૂતોની પ્રથમ પસંદગી રહ્યા છે.જેમાં ઘાસચારાનું સૌથી વધુ કૂલ 16,216 હેક્ટરમાં વાવેતર થયું છે. જિલ્લામાં પશુપાલનનો મુખ્ય વ્યવસાય હોવાથી ખેડૂતોએ ઘાસચારાને પ્રાથમિકતા આપી છે. તેલીબિયાં પાકોમાં મગફળીનું 5,399 હેક્ટરમાં અને બાજરીનું 5,462 હેક્ટરમાં વાવેતર થયું છે. નખત્રાણા તાલુકામાં મગફળીનું સૌથી વધુ 1,630 હેક્ટરમાં વાવેતર જોવા મળ્યું છે. આ ઉપરાંત, શાકભાજીનું 4,764 હેક્ટરમાં વાવેતર થયું છે, જેમાં ભુજ અને અંજાર તાલુકાનો ફાળો મોટો છે.

કઠોળ પાકોમાં મગનું 1,038 હેક્ટરમાં વાવેતર થયું છે. અન્ય પાકો જેવા કે તલ, ગવાર અને ડુંગળીનું વાવેતર પણ મર્યાદિત વિસ્તારોમાં જોવા મળ્યું છે. જો કે છેલ્લા 3 વર્ષની સરખામણીએ આ વર્ષે ઉનાળુ પાકનું 897 હેક્ટર ઓછું વાવેતર થયું છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સીટી – પોસ્ટ ઓફીસ :

ટપાલ વિભાગ હવે પરંપરાગત સેવાઓમાંથી બહાર આવીને ડિજિટલ ઇન્ડિયાના વિઝન સાથે આધુનિક બની રહ્યો છે ત્યારે Next Generation થીમ આધારિત કચ્છ - સૌરાષ્ટ્રની પ્રથમ નવીનીકૃત સબ પોસ્ટ ઓફિસનું કચ્છ યુનિવર્સિટી ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ પોસ્ટ ઓફિસ યુવા પેઢી અને વિદ્યાર્થીઓની જીવનશૈલીને ધ્યાનમાં રાખીને તૈયાર કરાઇ છે. જેમાં પોસ્ટ વિભાગની નાણા જમા-ઉપાડ, બચત યોજના, પાર્સલ સહિતની સેવાઓ સાથે આધારકાર્ડને લગતી કામગીરી કરી આપવામાં આવશે તેમજ નિઃશુલ્ક વાઈ-ફાઈ, ઠંડુ પાણી, કાફેટેરિયા, મીની લાઈબ્રેરી, સહિતની અન્ય સુવિધાઓ પણ યુવાનો માટે ઉભી કરાઈ છે.

---------------------------------------------------------------------------------------

## અખાત્રીજ :

આજે અખા ત્રીજ એટલે કે, અક્ષય તૃતીયાનું પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે. હિન્દુ શાસ્ત્રો અનુસાર આ દિવસ શુભ માનવામાં આવે છે. આજે કેટલાક સમાજો દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા.

આજે પરશુરામ જયંતિની પણ ઉજવણી કરવામાં આવી. ભુજ, અંજાર સહિતના શહેરોમાં શોભાયાત્રાનું આયોજન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------